<u>સાબરકાંઠા જીલ્લાની મજૂર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નિમાયેલ કમિશ્નરશ્રી ડી.જે.ચૌહાણ સમક્ષ. મું. હિંમતનગર</u>

કર્મચારી વળતર(નોન ફેટલ)અરજી નં.૦૪/૨૦૧૬
આંક : ૮૧

અરજદાર:–સાબીરહુસેન ફકીરમહંમદ શેખ
ઉ.વ.આ. ૪૪, ધર્મે : મુસ્લીમ
ધંધો: ડ્રાઈવીંગ હાલ કંઈ નહિ
રહે. જુમ્મા મસ્જીદની પાછળ, હસનનગર
મું.પો.તા. હિંમતનગર જી. સાબરકાંઠા

વિરુધ્ધ

સામાવાળા:–(૧)(જુબેરભાઈ યાકુબભાઈ મેમણ ગુજરતા વારસો)
આંક–૬૭ ના હુકમથી સુધારો કર્યો
૧.૧ હુમેરાબાનુ તે મો. જુબેર યાકુબભાઈ મેમણની વિધવા
ઓરત ઉ.વ. આ. ૨૬
૧.૨ સગીર મરીયમબાનુ મો. જુબેર મેમણ ઉ.વ.આ.૫
૧.૩ યાકુબભાઈ ઈબ્રાહીમભાઈ મેમણ ઉ.વ. આ. ૫૭
૧.૪ નસીમબાનુ યાકુબભાઈ મેમણ ઉ.વ.આ.૫૩
તમામ રહે. મેમણ કોલોની,
પોલોગ્રાઉન્ડ, હિંમતનગર
જી.સાબરકાંઠા

(૨) લીબર્ટી વીડીયોકોન જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિ.

ઠે. ઓફિસ નંબર: ૩૦૬ અને ૩૦૭
થર્ડ ફ્લોર, શુકન બીઝનેસ સેન્ટર
સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ, અમદાવાદ

હાજર રહયા:–અરજદાર તરફે :વિ.વ.શ્રીએચ.એમ. તાજપુરીવાલા
સામાવાળાનં.૧ તરફે : વિ.વ.શ્રી એમ.ડી. ઝાલા
સામાવાળા નં.ર તરફે : વિ.વ.શ્રી જે.કે. પટેલ

– :: હુકમ :: –

(૧) સદર અરજી આ કામના અરજદારે કામદાર વળતર ધારો–૧૯૨૩ કે જે હવે કર્મચારી વળતરધારા તરીકે ઓળખાય છે. (જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે.) ની જોગવાઈઓ હેઠળ દાખલ કરી સામાવાળા નં.૧ ની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત ઈજાઓ થયેલ હોવાનું જણાવી તેના વળતરની રકમ રૂા.ર,૦૦,૦૦૦/– ર૪% વ્યાજ અને પેનલ્ટી સહિત સામાવાળાઓ પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલી છે.

(ર) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, તેઓ સામાવાળા નં.૧ ની માલિકીની જુદી જુદી ગાડીઓ ઉપર ડ્રાઈવર તરીકે છેલ્લા ૬ વર્ષથી નોકરી કરતા હતા. તેઓ સામાવાળાની એસ.યુ.વી.કાર નંબર: જી.જે. ૯ બી.બી. ૩૮૭૧ ઉપર સને. ર૦૧૪ થી ડ્રાઈવર તરીકે નોકરી કરી માસિક રૂા.૮,૦૦૦/– પગાર અને દૈનિક રૂા.ર૦૦/– ભથ્થુ મેળવતા હતા. સદર કારનો વીમો સામાવાળા નં.ર નાએ લીધેલો હતો. તા.ર૮/૦૩/૧૫ના રોજ વહેલી સવારે તેઓ સામાવાળા નં.૧ ના ઓળખીતા માણસોને સામાવાળા નં.૧ ની સૂચનાથી બેસાડી હિંમતનગર થી વિનાયક મંદિર જવા મુંબઈ તરફ જતા હતા ત્યારે નેશનલ હાઈવે નંબર:૮ ઉપર સકવાર બ્રીજ નજીક બપોરના આશરે ૧–૧૫ કલાકે તેમની ગાડીની આગળ જતી બીજી કાર

અચાનક સાઈડમાં થઈ જતાં શોર્ટ બ્રેક મારવા છતાં રોડની વચ્ચે ઉભેલ કન્ટેનર નંબર:એમ.એચ. ૪ ડી.કે. ૫૭૦ ની પાછળ તેમની કાર ભટકાયેલી. સદર અકસ્માતમાં તેમના જમણા હાથે કાંડાના ભાગે તથા ડાબી બાજુની બે પાંસળીઓમાં ફ્રેકચર અને કાન ઉપર તથા આંખ ઉપર ઈજાઓ થયેલી. કારમાં બેઠેલ બે થી ત્રણ વ્યકિતઓનું અવસાન થયેલું. તેઓની સારવાર માટે તાત્કાલિક સારવાર માટે ગોલ્ડન પાર્ક હોસ્પિટલ, વસઈ પૂર્વ મુંબઈ મુકામે દાખલ કરેલા ત્યાંથી હિંમતનગર મુકામે ડોકટર રાજુ નાયકના દવાખાનામાં તા.૩૦/૩/૧૫ ના રોજ સારવાર મેળવેલી અને હાથે પ્લાટસર લગાવેલુ તેઓને ૩ માસ સુધી પથારીવશ રહીને સારવાર મેળવવી પડેલી અને સારવાર પાછળ રૂા.૨૫,૦૦૦/- નો ખર્ચ થયેલો છે. તેઓને થયેલ અકસ્માત ઈજાને કારણે ૧૦૦% કાયમી ખોડ આવેલી છે અને ડ્રાઈવીંગનો ધંધો કરવા સંપૂર્ણ અશકત બનેલા છે. અકસ્માતની જાણ બન્ને સામાવાળાઓને હોવા છતાં તેઓએ વળતર પેટે કોઈ રકમ ચુકવેલી ન હોઈ વ્યાજ અને પેનલ્ટીની રકમ મેળવવા માટે તેઓ હકકદાર બનેલા છે. માસિક રૂા.૮,૦૦૦/- વેતન અને દૈનિક રૂા.૨૦૦/- ભથ્થુ મેળવતા હોઈ અને ૧૦૦% કાયમી ખોડ આવેલી હોઈ અકસ્માત સમયે તેઓની ઉંમર ૪૪ આધારે રૂા.૨,૦૦,૦૦૦/- વળતર મેળવવા હકકદાર બનેલા છે. જે અંગે વકીલ મારફતે નોટિસ તા.૨૬/૧૧/૧૫ ના રોજની મોકલાવેલી હોવા છતાં તેનો સામાવાળાએ કોઈ જવાબ આપેલો નથી કે રકમ ચુકવેલી નથી. જેથી માંગ્યા મુજબની દાદ અપાવવા હુકમ કરવા જણાવેલુ છે.

(૩) આ કામે સામાવાળા નં.૧ ને નોટિસ બજેલી તેમ છતાં તેમના તરફે કોઈ જવાબ રજુ ન થતાં તેમનો જવાબનો હકક તા. ૧૧/૭/૧૭ ના રોજ સુઓમોટો બંધ કરવામાં આવેલો છે. ત્યારબાદ આંક-૪૩ ની નોટિસ સામાવાળાનં.૧ ને પૂરાવાના તબકકે બજવણી માટે મોકલાવતાં સામાવાળા નં.૧

ના પિતાશ્રીએ હાજર થઈ આંક–૪૫ ની અરજી રજુ કરી સામાવાળા નં.૧નું મૃત્યુ થયેલ હોવાનું જણાવેલુ. ત્યારબાદ સામાવાળા નં.૧ ના વારસોએ વિ. એડવોકેટશ્રી એમ.ડી. ઝાલા મારફતે હાજર થઈ પક્ષકાર તરીકે જોડવા માટે થયેલ વિલંબ માફ કરવા દાદ માંગતી અરજી આંક–૬૬ થી આપેલી જે મંજુર કરવામાં આવેલી અને આંક–૬૭ ની અરજી આધારે હુકમ કરી આ કામના સામાવાળા નં.૧ના વારસોને પક્ષકાર તરીકે જોડવામાં આવેલા છે. સામાવાળા નં.૧ તરફે હાજર થયા બાદ તેઓએ અરજદાર કે સામાવાળા નં.ર ના સાક્ષીઓનો કોઈ જવાબ રજુ કરેલ નથી કે કોઈ ઉલટ કરેલ નથી.

(૪) સામાવાળા નં.ર વીમા કંપનીએ આંક–ર૦ થી જવાબનો હકક રી–ઓપન કરાવી આંક–ર૧ થી લેખિત જવાબ રજુ કરી અરજદારની અરજીની વિગતોની સત્યતાને નકારી જણાવેલ છે કે અકસ્માતમાં સંડોવાયેલી વાહનની પ્રાઈવેટ કાર પેકેજ પોલિસી લેવામાં આવેલી છે. જેમાં સ્પષ્ટ રીતે ખાનગી, સોશીયલ, ડોમેસ્ટીક આનંદ અને વ્યવસાયિક હેતુઓ પુરતો જ વાહનનો ઉપયોગ થઈ શકશે તેમ જણાવેલુ હતું. સદર પોલીસી હાયર અને રીવોર્ડથી વાહનના ઉપયોગ કરવા અંગેની ન હતી, અકસ્માતમાં ગુજરનાર પ્રણય જયસ્વાલના કાકાએ તથા કાન્તિલાલ બિહારીલાલ સખારે કે જેઓ વાહનમાં મુસાફરી કરી રહેલા હતા તેઓએ વિરાર પોલીસ સ્ટેશનના તપાસ અધિકારીશ્રી સમક્ષ જણાવેલ હતુ કે વાહનમાં ૯ વ્યકિતઓ હતા અને પ્રણવ જયસ્વાલે સદર વાહનને ભાડે લીધેલ હતું. જેથી પોલિસીની શરતોનો ભંગ થતો હોઈ વીમા કંપની વળતરની રકમની ક્ષતિપૂર્તિ કરી આપવા માટે જવાબદાર થતી નથી. વીમીત વાહન ભાડે અને બદલાથી ચાલતુ હતુ તેમાં મુસાફરી કરી રહયા હતા તેથી તેઓનું જોખમ કાયદાકીય રીતે કે કરારની રીતે આવરી લેવામાં આવેલુ ન હોઈ વળતર માટે વીમા કંપની જવાબદાર બનતી નથી. વીમા પોલિસીમાં દર્શાવેલા સામાન્ય અપવાદથી વાહનનો ભાડા અથવા બદલાથી ઉપયોગ કરવાની

બાબતને બાકાત રાખવામાં આવેલી હોઈ વીમા કંપની વળતર માટે જવાબદાર થતી નથી. અરજદારે અકસ્માતની વિગતો તેમજ બનાવની વિગતો તથા તેઓ સામાવાળા નં.૧ ના ડ્રાઈવર હતા તે વિગતો પુરાવા રજુ કરી પુરવાર કરવી જોઈએ. અરજદારની અરજીને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટી અને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. અકસ્માતમાં એક થી વધુ વાહન સંડોવાયેલા હોઈ બીજા વાહનના માલિક, ડ્રાઈવરને વીમા કંપની અને અરજદારે પક્ષકાર તરીકે જોડવા જોઈએ જે તેમણે જોડેલા ન હોઈ અરજી રદ્દ થવાપાત્ર છે. અરજદાર અકસ્માત સમયે વેલીડ અને ઈફેકટીવ ડ્રાઈવીંગ લાયસન્સ વાહન નંબર: જી.જે. ૯ બી.બી. ૩૮૭૧ ચલાવવા માટેનું ધરાવતા ન હોઈ અને કેન્દ્રીય મોટર વાહનના નિયમો-૧૯૮૯ ના નિયમ-૩ ની જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી વીમા કંપની વળતર માટે જવાબદાર થતી નથી. અકસ્માત કન્ટેઈનરના ડ્રાઈવરની બેદરકારીથી થયેલો છે. અરજદારને અકસ્માતમાં ગંભીર ઈજાઓ થયેલી છે અને તેઓ ૧૦૦% અશકત બનેલા છે તે બાબત અરજદારે પુરાવા રજુ કરી પુરવાર કરવી જોઈએ. અરજદારની અરજી ચાલવાપાત્ર થતી ન હોઈ વીમા કંપની વિરુધ્ધની દાદ રદ્દ કરવી જોઈએ.

(૫) આ કામે અરજદાર તરફે આંક-૪/એ ના લીસ્ટથી અનુક્રમ નંબર: ૧ થી ૯ ના નીચે જણાવ્યા મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે.

આંક-૪-એ

ક્રમ	**દસ્તાવેજનો પ્રકાર**	**તારીખ**	**અસલ / નકલ**	**આંક**
૧	ફરિયાદની ઝરોક્ષ નકલ.	૨૮/૩/૧૫	નકલ	
૨	ગુનાવાળી જગ્યાના પંચનામાની ઝેરોક્ષ	૨૮/૩/૧૫	નકલ	

	નકલ.			
૩	અરજદારનું ગોલ્ડનપાર્ક હોસ્પિટલ ના ડીસ્ચાર્જ કાર્ડની નકલ.	૨૯/૩/૧૫	નકલ	
૪	અકસ્માતમાં સંડોવાયેલ કાર નં. જી.જે. ૯ બીબી ૩૮૭૧ ના ડ્રાઈવરનું ડ્રાઈવીંગ લાયસન્સ.	–	નકલ	
૫	અકસ્માતમાં સંડોવાયેલ કાર નં. જી.જે. ૯ બીબી ૩૮૭૧ની આર.સી. બુકની નકલ.	–	નકલ	
૬	કારની વીમા પોલિસીની ઝેરોક્ષ નકલ.	–	નકલ	
૭	સામાવાળા નં.૧ તથા ૨ ના એ આપેલ નોટિસની ઝેરોક્ષ નકલ.	–	નકલ	
૮	સામાવાળા નં.૧ તથા ૨ નાને આપેલ નોટિસની પાવતીની ઝેરોક્ષ નકલ.	–	અસલ	
૯	સામાવાળા નં.૨ ને નોટિસ બજાવવા માં આવેલ તેની એકનોલોજમેન્ટની સ્લીપ.	–	અસલ	

(૬) આ કામે અરજદાર તરફે આંક–૧૩, આંક–૩૩, આંક–૩૫, આંક–૭૧ અને આંક–૭૬ના લીસ્ટથી નીચે જણાવ્યા મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે.

આંક–૧૩

ક્રમ	દસ્તાવેજનો પ્રકાર	તારીખ	અસલ / નકલ	આંક
૧	અરજદારનું કાયમી ખોડનું ડો. રાજુ નાયકનું સર્ટિફિકેટ.	૨૧/૨/૧૮	અસલ	૩૮
૨	અરજદારનું ગોલ્ડનપાર્ક હોસ્પિટલનું વસાઈ મેડિકલનું બિલ અસલ.	૨૯/૩/૧૫	અસલ	૩૯
૩	અરજદારનું ગોલ્ડનપાર્ક હોસ્પિટલનું દવાનું બિલ.	૨૮/૩/૧૫	અસલ	૪૦
૪	અરજદારનું ડો. રાજુ એ નાયકનું પ્રીસ્ક્રીપ્શન	૩૧/૩/૧૫	અસલ	૪૧

આંક–૩૩

ક્રમ	દસ્તાવેજનો પ્રકાર	તારીખ	અસલ/ નકલ	આંક
૧	ફરિયાદની સર્ટિફાઈડ નકલ.	–	નકલ	
૨	ગુનાવાળી જગ્યાના પંચનામાની સર્ટિફાઈડ નકલ.	–	નકલ	

આંક–૩૫

ક્રમ	દસ્તાવેજનો પ્રકાર	તારીખ	અસલ /	આંક

			નકલ	
૧	એફ.આઈ.આર. (ફરિયાદ) ની સર્ટિફાઈલ નકલ નોટરી રુબરુ.	–	નકલ	
૨	ગુનાવાળી જગ્યાના પંચનામાની (નોટરી રુબરુની) નકલ.	–	નકલ	

આંક–૭૧

ક્રમ	**દસ્તાવેજનો પ્રકાર**	**તારીખ**	**અસલ / નકલ**	**આંક**
૧	ઝુબેરભાઈ મેમણના મરણના પ્રમાણપત્રની નકલ.	૧૨/૧/૧૭	નકલ	
૨	ઝુબેરભાઈ મેમણના પેઢ ીનામાની ઝેરોક્ષ નકલ.	–	નકલ	

આંક–૭૬

ક્રમ	**દસ્તાવેજનો પ્રકાર**	**તારીખ**	**અસલ / નકલ**	**આંક**
૧	અરજદાર સાબીરહુસેન ફકીરમહંમદ શેખના ડ્રાઈવીંગ લાયસન્સની ટ્રુ કોપી.	૦૭/૦૨/૯૪	નકલ	

(૭) અરજદારે આંક–૧૪ થી એફિડેવીટ ઉપર જુબાની આપેલી છે. તેઓની ઉલટ માટે સામાવાળા નં.૧ હાજર ન રહેતાં આંક–૨૨

હેઠળ હુકમ કરી તેઓનો ઉલટનો હકક બંધ કરવામાં આવેલો છે. જે સામાવાળા નં.૧ ના વારસોએ હાજર થયા પછી પણ રી–ઓપન કરાવેલ નથી. વીમા કંપની તરફે ઉલટ થયા બાદ આંક–૭ર ની પુરસીસથી અરજદારે તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે.

(૮) સામાવાળા નં.૧ તરફે તેમના વારસો હાજર થયા બાદ આંક–૭ર ની પુરસીસથી તેઓએ પુરાવા બંધ જાહેર કરેલા છે.

(૯) સામાવાળા નં.ર વીમા કંપની તરફે આંક–૪૯ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલા છે. જે પૈકી નિ. ૪૯/ર થી નિ. ૪૯/૭ ને આંક–પ૩ની અરજી નીચે હુકમ કરી ટેન્ટેટીવ આંક આપવામાં આવેલા છે. જયારે નિ. ૪૯/૧ ને દાખલ આંક–૬૦ આપવામાં આવેલો છે.

આંક–૪૯

ક્રમ	**દસ્તાવેજનો પ્રકાર**	**તારીખ**	**અસલ / નકલ**	**આંક**
૧	પોલિસીની ખરી નકલ ટર્મ્સ અને કન્ડીશન સાથે કુલ પાના ર૪	૩૧/૧/૧પ	નકલ	૬૦
ર	ઋષિ પીનાકી સોનીના પોલીસ નિવેદનની ખરી નકલ.	ર૮/૩/૧પ	નકલ	પ૪
૩	ઋષિ પીનાકી સોનીનું પોલીસ નિવેદનની અંગ્રેજી ટ્રાન્સલેશન નોટરી રુબરુ કરાવેલ તે અસલ ટ્રાન્સલેશન.	ર૮/૩/૧પ	નકલ	પપ

૪	દીપકકુમાર છગનલાલ જયસ્વાલ ના પોલીસ નિવેદનની ખરી નકલ.	૨૮/૩/૧૫	અસલ	૫૬
૫	દીપકકુમાર છગનલાલ જયસ્વાલનું પોલીસ નિવેદનની અંગ્રેજી ટ્રાન્સલેશન નોટરી રુબરુ કરાવેલ તે અસલ ટ્રાન્સલ ેશન.	૨૮/૩/૧૫	નકલ	૫૭
૬	કાન્તિલાલ બિહારીલાલ સખારે ના પોલીસ નિવેદનની ખરી નકલ.	૨૮/૩/૧૫	નકલ	૫૮
૭	કાન્તિલાલ બિહારીલાલ સખારે નું પોલીસ નિવેદનની અંગ્ર ેજી ટ્રાન્સલેશન નોટરી રુબરુ કરાવેલ તે અસલ ટ્રાન્સલેશન.	૨૮/૩/૧૫	અસલ	૫૯

(૧૦)વીમા કંપની તરફે આંક–૫૦ થી હેમાંગ કનુભાઈ પટેલે એફિડેવીટ ઉપર જુબાની આપેલી છે જેઓની ઉલટ અરજદાર તરફે ટ્રાન્સફરી એડવોકેટશ્રી એચ.બી. સાધુએ કરેલી છે. સામાવાળા નં.૧ તરફે ઉલટ માટે કોઈ હાજર ન રહેતાં આંક–પર હેઠળ હુકમ કરી તેમનો ઉલટનો હકક બંધ કરવામાં આવેલો છે.

(૧૧)સામાવાળાનં.૨ નાએ આંક–૭૩ ની પુરસીસથી તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે.

(૧૨) અરજદાર તરફે તેમના વિ.એડવોકેટશ્રી એચ.એમ. તાજપુરીવાલાએ મૌખિક દલીલો કરેલી છે. દલીલો માટે સામાવાળા નં.૧ તરફે કોઈ હાજર ન રહેતાં આંક–૭૮ હેઠળ હુકમ કરી તેમનો દલીલોનો હકક બંધ કરવામાં આવેલો છે. સામાવાળા નં.૨ વીમા કંપની તરફે પ્રોકસી એડવોકેટશ્રી એ.ડી. પટેલે મૌખિક દલીલો કરી દલીલોના સમર્થનમાં આંક–૮૦ ના લીસ્ટથી નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલા છે.

(૧) નામદાર બોમ્બે હાઈકોર્ટે ફર્સ્ટ અપીલ નંબર:૧૬૨/૨૦૦૪ માં ચુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપની લિ. વિરુધ્ધ મારૂતિ સન ઓફ લક્ષ્મણ ઉકે અને બીજાના કેસમાં તા.૨૮/૦૨/૧૪ ના રોજ આપેલ ચુકાદો.

(૨) નામદાર ઝારખંડ હાઈકોર્ટે ચુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપની લિ. વિરુધ્ધ સુખની મહતો અને બીજાના કેસમાં તા. ૨૦/૦૩/૨૦૦૯ ના રોજ આપેલ ચુકાદો.

(૩) નામદાર છત્રીસગઢ હાઈકોર્ટે રામચન્દ્ર યાદવ, રાજ કિશોર યાદવ, અવધેશ યાદવ વિરુધ્ધ મસ્તાન સીંગ અને ડીવીઝનલ મેનેજરના કેસમાં તા. ૦૭/૧૧/૨૦૦૮ ના રોજ આપેલ ચુકાદો.

(૧૩)દલીલો ધ્યાને લીધી. રેકર્ડ તથા રજુ થયેલ ચુકાદાઓ વંચાણે લીધા. મારા નિર્ણય અર્થે આંક–૭થી નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલા છે.

::–મુદાઓ::–

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓ અને સામાવાળાનં.૧ વચ્ચે કામદાર માલિકનો સબંધ હતો?

(૨) શું અરજદાર સાબિત કરે છે કે, તેઓને સામાવાળા નં.૧ની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત ઈજા થયેલી છે?

(૩) જો હા, તો અકસ્માત ઈજાના કારણે અરજદારને કેટલા ટકા કાયમી આંશિક/ પુરેપુરી અશકતતા રહેલી છે?

(૪) જો હા તો, અકસ્માત ઈજાને કારણે આવેલી કાયમી શારીરિક અશકતતાને કારણે તેમની કમાવવાની શકિતમાં કેટલો ઘટાડો થયેલ છે ?

(૫) અકસ્માત સમયે અરજદારની ઉંમર કેટલી હતી?

(૬) અકસ્માત સમયે અરજદારને કેટલું વેતન મળતુ હતુ ?

(૭) સામાવાળા નં.૧ અરજદારને વળતરની રકમ ચુકવવા જવાબદાર થાય છે? જો હા, તો કેટલી રકમ?

(૮) સામાવાળાનં.૧એ અરજદારને વળતરની રકમ ચુકવવામાં બેદરકારી દાખવેલ છે? જો હા, તો શું તેઓ પેનલ્ટી અને વ્યાજ ચુકવવા જવાબદાર થાય છે?

(૯) વીમા કંપનીની શું જવાબદારી થાય છે ?

(૧૦)શું આખરી હુકમ?

(૧૪)ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) ૫%

(૪) ૫%

(૫) ૪૫ વર્ષ

(૬) વળતરની ગણતરી માટે માસિક વેતન રૂા.૮,૦૦૦/-

(૭) હકારમાં, આખરી હુકમમમાં જણાવ્યા મુજબ.

(૮) હકારમાં.

(૯) આખરી હુકમમાં જણાવ્યા મુજબ.

(૧૦)આખરી હુકમ મુજબ.

(૧૫)મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

(એ) આ કામે પ્રથમ અને બીજો મુદ્દો એક બીજા સાથે સંકળાયેલ હોઈ તે બન્નેની ચર્ચા એક સાથે કરવામાં આવે છે. આ કામે અરજદારની રજુઆત એવી છે કે તેઓ મુળ સામાવાળા નં.૧ જુબેરભાઈ યાકુબભાઈ મેમણની માલિકીની અલગ અલગ ગાડીઓ ઉપર છેલ્લા ૬ વર્ષથી ડ્રાઈવર તરીકે માસિક રૂા.૮,૦૦૦/- પગાર અને દૈનિક રૂા.૨૦૦/- ના ભથ્થાની ફરજો બજાવતા હતા અને મુળ સામાવાળા નં.૧ ની માલિકીની એસ.યુ.વી. કાર નંબર: જી.જે. ૯ બી.બી. ૩૮૭૧ કે જેનો વીમો સામાવાળા નં.૨ ના એ લીધેલો હતો તે ગાડી ઉપર ૨૦૧૪ થી ડ્રાઈવર તરીકે હતા. તા. ૨૮/૦૩/૧૫ ના રોજ તેઓ સામાવાળા નં.૧ના ઓળખીતાઓને બેસાડી સામાવાળા નં.૧ની સૂચના મુજબ હિંમતનગરથી વિનાયક મંદિર મુંબઈ જતા હતા ત્યારે નેશનલ હાઈવે નંબર: ૮ ઉપર સકવાર બ્રીજ નજીક બપોરના ૧-૧૫ કલાકના સુમારે તેમની કારની આગળ જતી કાર અચાનક સાઈડમાં થઈ જતાં શોર્ટ બ્રેક મારવા છતાં રોડ ઉપર કોઈપણ જાતના રીફલેકટર કે આડશ કે ચેતવણી આપતા બોર્ડ સિવાય ઉભુ રહેલ કન્ટેનર નંબર: એમ.એચ. ૪ ડી.કે. ૫૭૦ ની પાછળ તેમની એસ.યુ.વી. કાર અથડાતા તેમને અકસ્માત ઈજાઓ થયેલી. સામાવાળા નં.૧ ને નોટિસની બજવણી થવા છતાં તેઓએ અરજીનો કોઈ જવાબ રજુ કરેલો નથી અને સામાવાળા નં.૧ના અવસાન બાદ તેમના વારસોને પક્ષકાર તરીકે જોડવામાં આવ્યા તે પછી પણ તેઓએ અરજદારની અરજીની વિગતોને જવાબ રજુ કરી પડકારેલ નથી. અરજદારે તેમની અરજીને આંક-૧૪ ની સોગંદ પરની જુબાનીથી સમર્થન આપેલુ છે અને બનાવની વિગતોને સાબિત કરવા

માટે તેઓએ આ કામે બનાવ બાબતે વિરાર પોલીસ સ્ટેશનમાં રાજુ પારસમલ જૈને આપેલ તા. ૨૮/૦૩/૧૫ની ફરિયાદ અને તે અનુસંધાને થયેલ બનાવની જગ્યાના પંચનામાની સર્ટિફાઈડ નકલ તેમજ સદર બન્ને દસ્તાવેજોના ગુજરાતી ભાષાંતરની નકલો અનુક્રમે આંક–૩૩ અને આંક–૩૫ થી રજુ કરેલી છે. જે ફરિયાદ જોતાં એસ.યુ.વી. કાર નંબર : જી.જે. ૯ બી.બી. ૩૮૭૧ના ડ્રાઈવરે રસ્તા પર પડેલ કન્ટેનરને પાછળના ભાગે જોરથી ટકકર મારી અકસ્માત તારીખ ૨૮/૦૩/૧૫ ના રોજ બપોરના ૧–૧૫ વાગ્યાના સુમારે કરેલો હતો તેવુ ફલિત થાય છે. અરજદારની થયેલ ઉલટતપાસમાં અરજદારે તેઓ માસિક રૂા.૮,૦૦૦/– ના પગારથી ૨૦૧૪ થી સામાવાળા નં.૧ ને ત્યાં નોકરી કરતા હતા તે હકીકત ખોટી જણાવે છે તેનો સ્પષ્ટ ઈન્કાર કરેલો છે. ઉલટમાં તેઓએ ગાડીમાં બેઠેલા તેમના સિવાયના ૫–૬ પેસ ેન્જર સામાવાળા નં.૧ ના સંબંધી હતા અને આ બધા મહાવીરનગર એક જ જગ્યાએ ઉભેલા હતા ત્યાંથી બેસાડેલા અને તેમના શેઠના મિત્ર હોઈ ડીઝલ ખર્ચમાં ગાડી આપેલ હતી તેમ જણાવી તેઓ અને સામાવાળા નં.૧ વચ્ચે માલિક નોકરના સંબંધ ન હતા તેનો સ્પષ્ટ ઈન્કાર કરલો છે. વીમા કંપનીના સાક્ષીશ્રી હેમાંગ કનુભાઈ પટેલે આંક–૫૦ ની જુબાનીની ઉલટમાં ગાડીને થયેલ નુકશાન અંગે ઓન ડેમેજ કલેઈમ થયેલો તે વાત ખરી હોવાનું અને કલેઈમ ફોર્મ માલિક ઘ્વારા ભરવામાં આવે છે અને તેમાં જણાવેલ અકસ્માતની વિગતો માલિક ઘ્વારા જણાવે અને કેટલા માણસો કઈ કેપીસીટીમાં બેઠેલા, ડ્રાઈવર અકસ્માત સમયે કોણ હતુ અને તે પેઈડ ડ્રાઈવર હતા કે નહિ તે પણ જણાવે તે વાત ખરી હોવાનું સ્વીકારેલુ છે. તેઓ કલેઈમ ફોર્મ રજુ કરવા તૈયાર

છે અને અકસ્માતમાં ઈજા પામનાર તથા મરનારના વારસો દ્વારા મોટર વ્હીકલ એકટ અન્વયે કરેલ અરજીઓમાં થયેલ એન.એફ.એલ.ના હુકમ મુજબની રકમ વીમા કંપનીએ ચુકવી આપેલી છે તે વાત ખરી હોવાનું પણ તેમણે સ્વીકારેલુ છે.

આમ, પક્ષકારોના મૌખિક પુરાવાઓ જોતાં તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતાં અરજદાર બનાવ સમયે સામાવાળા નં.૧ ના પેઈડ ડ્રાઈવર તરીકે ગાડી ચલાવતા ન હતા તે બાબતે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલો ન હોઈ અને વીમા કંપનીના સાક્ષીએ ઓન ડેમેજના કલેઈમ ફોર્મમાં માલિકે ડ્રાઈવરની વિગતો ભરેલી હોય તેવું સ્વીકારેલુ હોવા છતાં કલેઈમ ફોર્મ તેમણે રજુ કરેલ નથી તેને ધ્યાને રાખતાં તેમજ સામાવાળા નં.૧ કે તેના વારસોએ અરજદાર પેઈડ ડ્રાઈવર તરીકે અકસ્માતમાં સંડોવાયેલ વાહન ઉપર અકસ્માત સમયે ન હતા તેવુ જણાવેલ ન હોઈ સામાવાળા નં.૧ની માલિકીની એસ.યુ.વી. કાર નંબર:જી.જે.૯ બી.બી. ૩૮૭૧ ઉપર ડ્રાઈવર તરીકે નોકરી કરતા દરમ્યાન અને નોકરીના કારણે અરજદારને અકસ્માત ઈજાઓ થયેલ હોવાનું નહિ માનવા માટે કોઈ કારણ રહેતુ ન હોઈ મુદ્દા નંબર:૧ અને ૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

(બી) આ કામે ત્રીજો અને ચોથો મુદ્દો એક બીજા સાથે સંકળાયેલ હોઈ તે બન્નેની ચર્ચા એક સાથે કરવામાં આવે છે. અરજદારે તેમની અરજીમાં અને સોગંદ પરની જુબાનીમાં તેઓને થયેલ અકસ્માત ઈજાને કારણે તેઓને ૧૦૦% કાયમી અશકતતા આવેલ હોવાનું જણાવેલ છે પણ તે અંગે કોઈ મેડિકલ સર્ટિફિકેટ રજુ કરેલ નથી. અરજદારે રજુ કરેલ ડોકટર રાજુ એ. નાયકે તા.૨૧/૨/૧૮ ના રોજ આપેલ ૧૨% કાયમી ખોડના સર્ટિફિકેટમાં શેરો કરી ૫% કાયમી શારીરિક

અશકતતા તેઓને આવેલી ગણવામાં આવે તો વાંધો નથી તેમ શેરો કરેલો છે તે પછી ૫% ટકાથી વધારે શારીરિક અસમર્થતા આવેલ હોવા અંગે કોઈ મેડિકલ એવીડન્સ અરજદારે રજુ કરેલ નથી અને ડો. રાજુ નાયકને પણ ૧૨% કાયમી શારીરિક અશકતતા બાબતે આ કામે તેમણે તપાસેલ નથી. અરજદારે સ્વયં ૫% કાયમી શારીરિક અશકતતા આવેલ હોવાનું સ્વીકારેલ હોઈ વળતરની ગણતરી માટે અરજદારની કમાવવાની શકિતમાં ૫% નો ઘટાડો થયેલ હોવાનું ઠરાવવામાં આવે છે. અરજદારે આ કામે અકસ્માત થયા બાદ લાયસન્સ જમા કરાવેલુ હોય તે અંગે કોઈ પુરાવો આપેલ નથી. જેથી મુદ્દા નંબર:૩ અને ૪ નો જવાબ ૫% આપવામાં આવે છે.

(સી) આ કામે પાંચમો મુદ્દો અકસ્માત સમયે અરજદારની ઉંમર બાબતનો છે. અરજદારે તેમની અરજીમાં અકસ્માત સમયે તેમની ઉંમર ૪૪ વર્ષની હોવાનું જણાવેલુ છે અને તેને સોગંદનામાથી સમર્થન આપેલુ છે. ત્યારબાદ તેમણે આંક–૭૬ ના લીસ્ટથી લાયસન્સના એકસટ્રેકટની ખરી નકલ રજુ કરેલી છે. જેમાં તેમની જન્મ તારીખ ૨૫/૦૪/૧૯૬૯ ની દર્શાવવામાં આવેલી છે. સદર લાયસન્સ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી પુરાવા જન્મ તારીખ બાબતે અરજદાર કે સામાવાળાઓ તરફે રજુ થયેલા નથી. અકસ્માત તારીખ ૨૮/૦૩/૧૫ ના રોજ થયેલો હોઈ કાયદાની કલમ–૪ અને શીડયુલ–૪ ની જોગવાઈઓ મુજબ અકસ્માત તારીખ અગાઉની જન્મ તારીખ ૨૫/૦૪/૧૪ ના રોજ અરજદારે ૪૫ વર્ષ પૂર્ણ કરેલા હોઈ વળતરની ગણતરી માટે અરજદારની ઉંમર ૪૫ વર્ષની ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે. કલમ–૪ અને શીડયુલ–૪ નીચે મુજબ છે.

કલમ–૪ વળતરની રકમ

(૧) આ અધિનિયમની જોગવાઈઓને આધિન વળતરની રકમ નીચે પ્રમાણે રહેશે.

(એ)....

(બી)....

ખુલાસો :(૧) કલોઝ (એ) અને (બી) ના હેતુઓ માટે કામદારના સંબંધમાં સુસંગત પરિબળ એટલે વળતર લેણું થાય તે તારીખ તરત અગાઉના કામદારના છેલ્લા જન્મ દિવસે તેની ઉંમરના પુરા થતા વર્ષો જેટલા જ વર્ષોની સંખ્યા નિયત કરતાં પરિશિષ્ટ–૪ ના પ્રથમ કોલમમાં અપાયેલ નોંધ સામે તે જ પરિશિષ્ટના બીજા કોલમમાં નિર્દિષ્ટ કરાયેલ પરિબળ.

(સી)....

(ડી).....

અનુસૂચિ –૪

(જુઓ કલમ–૪)

કાયમી અશકતતા અને મૃત્યુની બાબતમાં ઉચ્ચક વળતરની ગણતરી કરવા માટેના અવયવો

જે તારીખે વળતર લેણુપડે તેની તરત પહેલાં આવતી કામદારની છેલ્લી જન્મ તારીખે ઉંમરના પૂરેપુરા વર્ષ	અવયવો

(ડી) અરજદારે તેમની અરજીમાં અને સોગંદ પરની જુબાનીમાં સામાવાળા નં.૧ તેઓને માસિક રૂા.૮,૦૦૦/– પગાર તથા દૈનિક રૂા. ૨૦૦/– ભથ્થુ ચુકવતા હતા તેમ જણાવેલુ છે પણ ઉલટમાં આ બાબતનો કોઈ લેખિત પુરાવો તેમણે રજુ કરેલ નહિ હોવાનું સ્વીકારેલુ છે. સામાવાળા નં.૧ કે તેમના વારસો તરફે ખરેખર કેટલો પગાર અરજદારને સામાવાળા નં.૧ ચુકવતા હતા તે બાબતે કોઈ

પુરાવો રજુ કરવામાં આવેલો નથી. સામાવાળા નં.૧ તરફે અરજદારે જણાવેલ પગારની વિગતો પડકારવામાં આવેલ નથી. મુળ સામાવાળા નં.૧ નું કેસ ચાલતા દરમ્યાન અવસાન થયેલુ છે તે પછી તેમના વારસો તરફે પણ અરજદારની રજુઆતને પડકારવામાં આવેલ નથી. અરજદાર એક રાજયમાંથી બીજા રાજયમાં એસ.યુ.વી કાર લઈને ડ્રાઈવર તરીકે જતા હતા તેને ધ્યાને રાખતાં અરજદારનું માસિક વેતન દૈનિક ભથ્થા સહિત રૂા.૮,૦૦૦/- ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે. અરજદારે તેઓ રોજે રોજ સામાવાળા નં.૧ ની ગાડી લઈને ફરતા હતા તે બાબતે કોઈ પુરાવો આપેલો નથી. સામાવાળા નં.૧ હયાત ન હોઈ અરજદારને તેઓ જરૂર પડે ડ્રાઈવર તરીકે બોલાવતા હતા કે માસિક વેતનથી તેમણે અરજદારને રાખેલ તે બાબત અંગે તેઓ કાંઈ કહી શકે નહિ. જેથી વળતરની ગણતરી માટે અરજદારનું માસિક વેતન ભથ્થા સહિત રૂા. ૮,૦૦૦/- નું ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે.

(ઈ) સામાવાળાનં.૧ ની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અરજદારને અકસ્માત ઈજાઓ થયેલ હોઈ, સદર ઈજાને કારણે રહેલ કાયમી શારીરિક અશકતતાના વળતરની રકમ અરજદારને ચુકવી આપવા માટે સામાવાળા નં.૧ જવાબદાર બને છે. વળતરની ગણતરી કરીએ તો અકસ્માત ઈજા સમયે અરજદારના માસિક વેતન રૂા.૮,૦૦૦/- ની ૬૦% રકમ રૂા. ૪,૮૦૦/-ને કાયદાના શીડયુલ-૪ માં ૪૫ વર્ષની સામે દર્શાવેલ સંબંધિત ગુણાંક ૧૬૭.૪૪ સાથે ગુણતાં રૂા.૮,૧૩,૩૧૨/- ૧૦૦% કાયમી અશકતતાના વળતરની રકમ આવે છે. અરજદારે તેઓને ૫% કાયમી શારીરિક અશકતતા આવેલ હોવાનું સ્વીકારેલુ હોઈ અને વધુ અશકત રહેલ હોવા બાબતે કોઈ પુરાવો રજુ કરેલ

ન હોઈ સદર રકમની ૫% રકમ રૂા. ૪૦,૬૬૬/– (અંકે રૂપિયા ચાલીસ હજાર છસો છાસઠ પુરા) અરજદાર વળતર પેટે સામાવાળા નં.૧ ના વારસો પાસેથી વસુલ મેળવવા હકકદાર બને છે.

(એફ)સામાવાળા નં.૧ ના એ અકસ્માત ઈજાના એક માસમાં વળતર પેટે કોઈ રકમ અરજદારને ચુકવી આપેલ નથી કે તેમના માનવા મુજબ ચુકવવાપાત્ર થતી વળતરની કોઈ રકમ કમિશ્નર સમક્ષ જમા કરાવેલ નથી તેથી તેઓએ કાયદાની કલમ–૪–એ મુજબ ડીફોલ્ટ કરેલો હોઈ અકસ્માત ઈજા તારીખ ૨૮/૦૩/૧૫ થી વસુલ થતા સુધીના સમયગાળાનું ૧૨% લેખે સાદુ વ્યાજ કાયદાની કલમ–૪–એ (૩)(એ) અન્વયે અરજદારને ચુકવી આપવા જવાબદાર બને છે. સામાવાળા નં.૧ તરફે વળતરની રકમ એક માસમાં ચુકવી ન આપવા માટેના કોઈ વ્યાજબી કારણો દર્શાવવામાં આવેલા નથી પરંતુ સામાવાળા નં.૧ નું અવસાન થયેલુ છે અને તેમના વારસોમાં તેમના વિધવા પત્ની, વૃધ્ધ મા–બાપ અને સગીર નાની દિકરી છે તે જોતાં પેનલ્ટી અંગે કોઈ હુકમ કરવો ઈચ્છનીય બનતો નથી.

(જી)આ કામે સામાવાળા નં.૧ ની માલિકીના વાહન એસ.યુ.વી. કાર નંબર : જી.જે. ૯ બી.બી. ૩૮૭૧ નો વીમો સામાવાળા નં.૨ વીમા કંપની તરફે તા. ૩૧/૦૧/૧૫ થી તા.૩૦/૦૧/૧૬ ના સમયગાળા માટે ઉતારેલો હતો અને તેમાં પેઈડ ડ્રાઈવરનું જોખમ રૂા. ૫૦/– પ્રિમીયમ સ્વીકારી આવરી લેવામાં આવેલ હતું તેવું આંક–૬૦ થી રજુ થયેલ વીમા સર્ટિફિકેટ કમ પોલિસી શીડયુલ આધારે સાબિત થાય છે. જેથી વીમા કંપની સામાવાળા નં.૧ ની વળતરની જવાબદારીની ક્ષતિપૂર્તિ કરી આપવા જવાબદાર બને છે. **નામદાર સુપ્રિમ કોર્ટે વેદ પ્રકાશ ગર્ગ વિ. પ્રેમીદેવી ના કેસમાં આપેલ ચુકાદો**

જે ૧૯૯૮ એસીજે પાના નં.૧ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ વ્યાજની રકમ તે વળતરની રકમનો જ પાર્ટ એન્ડ પાર્સલ હોઈ વીમા કંપની સામાવાળા નં.૧ ની વ્યાજની જવાબદારીની ક્ષતિપૂર્તિ કરી આપવા માટે પણ જવાબદાર બને છે. જેથી અરજદાર સામાવાળા નં.૧ અને ૨ પાસેથી સંયુકત અને વિભકત રીતે વળતરની રકમ વસુલ મેળવવા હકકદાર બને છે.

(એચ)સામાવાળા નં.૨ વીમા કંપનીના પ્રોકસી એડવોકેટશ્રી એ.ડી. પટેલે દલીલ કરતાં જણાવેલુ છે કે અકસ્માત સમયે અકસ્માતવાળુ વાહન ખાનગી વાહન હોવા છતાં અને ખાનગી વાહન માટેની વીમા પોલિસી લેવામાં આવેલી હોવા છતાં સદર વાહન ભાડેથી ફેરવવામાં આવતુ હોઈ તથા વિરાર પોલીસ સ્ટેશનના તપાસ અધિકારીએ મુસાફરોના લીધેલ નિવેદન અને અકસ્માત ઈજાના કારણે મૃત્યુ પામનાર પ્રણય જયસ્વાલના કાકાએ આપેલ નિવેદન મુજબ સદર વાહન ભાડેથી લેવામાં આવેલ હતુ તેવુ સ્પષ્ટ સાબિત થતુ હોઈ વીમા કંપનીની કોઈ જવાબદારી ઉપસ્થિત થતી નથી. તેઓની સદર રજુઆત રેકર્ડ જોતાં ગ્રાહય રાખવાપાત્ર થતી નથી. વીમા કંપની તરફે આ કામે વિરાર પોલીસ સ્ટેશનના તપાસ અધિકારીને સાક્ષી તરીકે તપાસેલા નથી. વીમા કંપનીએ નિવેદન આપનાર કોઈ પણ વ્યકિતને આ કામે સાક્ષી તરીકે તપાસેલ નથી. તેઓએ રજુ કરેલા નિ.૪૯/૨ થી નિ.૪૯/૭ ના પોલીસ રુબરુના નિવેદનોની નકલોને ટેન્ટેટીવ આંક આપવામાં આવેલ છે. આ નિવેદનો સર્ટિફાઈડ નકલ નથી અને સર્ટિફાઈડ નકલ હોય તો પણ નિવેદનની વિગતોને નિવેદન આપનાર તથા તપાસ અધિકારીને તપાસી વીમા કંપનીએ પુરવાર કરેલ નથી. અરજદારે તેમની ઉલટમાં સ્પષ્ટ રીતે ગાડી ભાડે કરી દર્શન માટે તેઓ જતા હતા તે વાત ખરી હોવાનો ઈન્કાર

કરેલો છે. અરજદારની ઉલટમાં તેમનું નિવેદન પોલીસે લીધેલ અને વાહન માલિકનો જવાબ પણ પોલીસે લીધેલો. જેમાં ગાડી ભાડે કરી દર્શન માટે જતા હતા તેવું લખાવવામાં આવેલુ તે વાત ખરી હોવાનો તેમણે ઈન્કાર કરેલો છે. અરજદાર અને સામાવાળા નં.૧ના એ પોલીસ જવાબમાં જો ગાડી ભાડે કરી જતા હતા તેવું જણાવેલ હોત તો વીમા કંપની નિ. ૪૯/૨ થી નિ. ૪૯/૭ ના નિવેદનની સાથે સાથે અરજદાર અને સામાવાળા નં.૧ ના નિવેદનની નકલો પણ મેળવીને રજુ કરત. પણ, સામાવાળા નં.૨ નાએ આ નિવેદનો આ કામે રજુ કરેલ નથી. સામાવાળા નં.૨ ના સાક્ષીએ ઓન ડેમેજ કલેઈમ માટે માલિકે ભરેલા કલેઈમ ફોર્મમાં અકસ્માત સમયે કેટલા માણસો, કઈ કેપીસીટીમાં બેઠેલા અને અકસ્માત સમયે ડ્રાઈવર તરીકે કોણ હતા અને તે પેઈડ ડ્રાઈવર હતા કે કેમ ? તે વિગતો જણાવેલી હોય તેવુ સ્વીકારેલુ હોવા છતાં અને કલેઈમ ફોર્મ રજુ કરશે તેમ તૈયારી બતાવેલી હોવા છતાં તે પછી કોઈ કલેઈમ ફોર્મ આ કામે તેમણે રજુ કરેલ નથી. જેથી અરજદાર અકસ્માત સમયે સામાવાળા નં.૧ના પેઈડ ડ્રાઈવર તરીકે અકસ્માતમાં સંડોવાયેલ વાહન ઉપર ફરજ ઉપર હતા તેવુ માનવા માટે કોઈ કારણ રહેતુ નથી અને ગાડીમાં બેઠેલા અન્ય વ્યકિતઓ ગાડી ભાડે કરીને લઈ ગયેલા ન હતા તેવુ નહિ માનવા માટે પણ કોઈ કારણ રહેતુ નથી.

(આઈ)વીમા કંપની તરફે રજુ થયેલ ચુકાદાઓમાં **નામદાર બોમ્બે હાઈકોર્ટે ફર્સ્ટ અપીલ નંબર: ૧૬૨/૨૦૦૪ માં યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપની લિ. વિરુઘ્ઘ મારૂતિ સન ઓફ લક્ષ્મણ ઉકે અને બીજાના કેસમાં આપેલ ચુકાદો** વંચાણે લેતાં તેમાં અરજદાર શ્રમયોગીની વીમા કંપની તરફે થયેલી ઉલટતપાસમાં જીપનો માલિક ડ્રાઈવર ભાડે કરી ભાડેથી જીપને ફેરવતો હતો તેવું

સ્વીકારેલુ હતુ અને જીપના માલિક સામાવાળા નં.ર જે.ડી. કુમ્ભલકર તેમના સંબંધી ન હતા પણ મિત્ર હતા તેમ જણાવેલ પરંતુ તેઓ તેમનું પુરુ નામ જાણતા ન હતા તેમ સ્વીકારેલુ. જેથી શ્રમયોગી મિત્ર હોવાની હકીકત જુઠ્ઠી જણાવતા હોવાનું પડેલા પુરાવા આધારે સાબિત થતુ હોવાથી અને શ્રમયોગી ભાડુ ચુકવી અથવા તો ગ્રેટીટયુઅસ પ્રેસેન્જર તરીકે વાહન પર હોવાનું ફલિત થતું હોવાના કારણે તે કેસમાં ખાનગી વાહન હોઈ અને ખાનગી વાહન માટેની વીમા પોલિસી હોઈ વીમા પોલિસીની શરતોનો ભંગ થતો હોવાનું ઠરાવી વીમા કંપનીની જવાબદારી ઠરાવવામાં આવેલી નહિ. આ કેસમાં અકસ્માતમાં સંડોવાયેલ વાહન ભાડે અથવા બદલાથી અકસ્માત સમયે ફરતુ હતુ તેવુ પુરવાર કરવા વાહનમાં બેઠેલા કોઈપણ વ્યકિતને સાક્ષી તરીકે તપાસવામાં આવેલા નથી. સામાવાળા નં.૧ કે અરજદારના પોલીસ રુબરુમાં લેવામાં આવેલ નિવેદન કે ઓન ડેમેજ કલેઈમ ફોર્મની નકલને વીમા કંપનીએ રજુ કરેલ નથી. અને રજુ થયેલા સદર ચુકાદામાંની હકીકતોથી અલગ હકીકતો આ કેસમાં હોઈ વીમા કંપનીને તે મદદરૂપ થતો નથી.

રજુ થયેલ **નામદાર ઝારખંડ હાઈકોર્ટે યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપની લિ. વિરુધ્ધ સુખની મહતો અને બીજાના કેસમાં** આપેલ ચુકાદો વંચાણે લેતાં તેમાં અરજદારે જ રજુ કરેલ એફ.આઈ.આર. કે જે ગુજરનારના ભાઈએ નોંધાવેલી તેમાં સ્પષ્ટ રીતે બોકારો હોસ્પિટલ પર જવા માટે એમ્બેસેડર કાર ભાડે કરવામાં આવેલી તેમ જણાવેલુ હતુ તે સિવાય ગુજરનારની વિધવાએ આપેલ જુબાનીમાં રૂા.૧,૦૦૦/– ભાડુ આપી એમ્બેસેડર કાર ભાડે કરવામાં આવેલી તેમ જણાવેલ હતું. જેથી સ્પષ્ટ રીતે ખાનગી વાહન ભાડેથી ફેરવવામાં આવતુ તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલો હોવાના

કારણે અપીલ મંજુર કરી ટ્રીબ્યુનલનો હુકમ વીમા કંપની વિરુધ્ધ રદ્દ કરવામાં આવેલ હતો. જે રજુ કરેલ ચુકાદો પણ આ કેસની વિગતોથી અલગ વિગતો અને પુરાવા પર આધારિત હોઈ વીમા કંપનીને મદદરૂપ બનતો નથી.

રજુ થયેલ **નામદાર છત્રીસગઢ હાઈકોર્ટે રામચન્દ્ર યાદવ, રાજ કિશોર યાદવ, અવધેશ યાદવ વિરુધ્ધ મસ્તાન સીંગ અને ડીવીઝનલ મેનેજરના કેસમાં આપેલ ચુકાદો** વંચાણે લેતાં જીપમાં મુસાફરી કરનાર મુસાફરને અકસ્માત ઈજાઓ થયેલી. જે મુસાફરનું તેમની પાસેથી કોઈ ભાડુ લેવામાં આવેલુ ન હતુ અને તેઓ ગ્રેટીટયુઅસ પેસેન્જર હતા તેમ જણાવેલ હતું તેને લક્ષમાં લેતા ગ્રેટીટયુઅસ પેસેન્જર માટે વધારાનું કોઈ પ્રિમીયમ પોલિસી અન્વયે વીમા કંપનીએ સ્વીકારેલુ ન હોઈ અને અરજદારે તેમની અરજીમાં જ તેઓ ભાડુ આપી જીપમાં બેઠેલા તેવું સ્વીકારેલુ હોવાથી ટ્રીબ્યુનલે વીમા કંપનીને જવાબદારીમાંથી મુકત કરતો કરેલ હુકમ નામદાર હાઈકોર્ટે કાયમ રાખેલ હતો. આ કેસમાં અરજદાર વાહનના ડ્રાઈવર છે તેઓ વાહનના પેસેન્જર તરીકે ન હતા અને વાહનના પેઈડ ડ્રાઈવરનું જોખમ રૂ.૫૦/–નું પ્રિમીયમ સ્વીકારી વીમા કંપનીએ સ્વીકારેલુ છે. જેથી અરજદારનું જોખમ વીમા પોલિસી અન્વયે આવરી લેવામાં આવેલુ હોઈ રજુ થયેલ ચુકાદો વીમા કંપનીને મદદરૂપ થતો નથી.

(જે) સામાવાળા નં.૧, ૨ ધ્વારા વળતરની રકમ ન ચુકવી આપવાના કારણે અરજદારને આ અરજી કરવી પડેલી હોઈ અરજીના ખર્ચ પેટે રૂ.૨,૦૦૧/– (અંકે રૂપિયા બે હજાર એક પુરા) અરજદારને અલગથી ચુકવી આપવા માટે સામાવાળા નં.૧ અને ૨ સંયુકત અને વિભકત રીતે જવાબદાર ઠરે છે.

(કે) સામાવાળા નં.૧ ના એ અરજદારને સારવારના ખર્ચની રકમ ચૂકવી આપવામાં આવેલ હોય તે બતાવતો કોઈ પુરાવો રજુ કરેલ ન હોઈ અરજદારે અકસ્માતમાં થયેલ ઈજાના આંક–૩૯ અને ૪૦ થી રજુ કરેલ બિલો મુજબની સારવારના ખર્ચની રકમ રૂા. ૮,૯૪૭/–(અંકે રૂપિયા આઠ હજાર નવસો સુડતાલીસ પુરા) સામાવાળા નં.૧ પાસેથી વસુલ મેળવવા કાયદાની કલમ–૪(૨એ) મુજબ હકકદાર બને છે. કાયદાની કલમ–૪(૨એ) નીચે મુજબ છે.

Section 4(2A)

The employee shall be reimbursed the actual medical expenditure incurred by him for treatment of injuries caused during the course of employment.

સામાવાળા નં.૨ વીમા કંપની પણ વાહનનો વીમો તેઓએ ઉતારેલો હોય અને અકસ્માત સમયે સદર વીમો અસ્તિત્વમાં હોઈ સારવારના ખર્ચની રકમની ક્ષતિપૂર્તિ સામાવાળા નં.૧ ને કરી આપવા જવાબદાર બને છે. જેથી અરજદાર વળતર, વ્યાજ, અરજી ખર્ચ અને સારવારના ખર્ચની રકમ સામાવાળા નં.૧ અને વીમા કંપની પાસેથી સંયુકત અને વિભકત રીતે વસુલ મેળવવા હકકદાર બને છે.

(૧૬)જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિને લક્ષમાં લઈને ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

<u>– : : હુકમ : : –</u>

(૧) આથી આ કામના સામાવાળાનં.૧, ૨ ને અરજદાર સાબીરહુસેન ફકીરમહંમદ શેખ ને થયેલ અકસ્માત ઈજાને કારણે રહેલ કાયમી, શારીરિક અશકતતાના વળતરની રકમ રૂા. ૪૦,૬૬૬/–

(અંકે રૂપિયા ચાલીસ હજાર છસો છાંસઠ પુરા) અકસ્માત ઈજા તારીખ તા. ૨૮/૦૩/૧૫ થી વસુલ થતા સુધીના સમયગાળાના ૧૨% લેખે સાદા વ્યાજ, અરજી ખર્ચની રકમ રૂા.૨,૦૦૧/-(અંકે રૂપિયા બે હજાર એક પુરા) તથા સારવારના ખર્ચની રકમ રૂા. ૮,૯૪૭/- સહિત ચુકવી આપવા માટે સંયુકત અને વિભકત રીતે જવાબદાર ઠરાવવામાં આવે છે.

(૨) આથી આ કામના સામાવાળાનં.૧,૨ ને હુકમ કરવામાં આવે છે કે, આ હુકમની જાણ થયાના દિન-૩૦ માં તેઓએ અરજદારને ચુકવવાપાત્ર થતી વળતર,વ્યાજ,અરજી ખર્ચ અને સારવારના ખર્ચની રકમ અત્રેની કચેરીમાં જમા કરાવવી.

(૩) પેનલ્ટી અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

તારીખ: ૦૬/૦૨/૨૦૨૦ **(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
હિંમતનગર **જીજે૦૦૭૮૦**
P.T. Prajapati. **કમિશનર**
કર્મચારી વળતર ધારો
મજુર અદાલત, હિંમતનગર